ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૯૭૨-૭૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૫/૧૧/૨૦૧૯
૨૭/૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષકની લાયકાત અને રેશીયો નક્કી કરવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૧૯/૧૨૩૭/ગ-૧, તા.૧૯/૧૦/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવથી રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષકોની લાયકાત અને રેશીયો નક્કી કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની નકલ આ સાથે સામેલ છે. જે આપના જિલ્લાની સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપની કક્ષાએથી જાણ તેમજ અમલ સારું મોકલી આપવા વિનંતી.

સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:- ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, કમિશ્નર, શાળાઓની કચેરી, બ્લોક-૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

D:\Rakesh Dabhi\Bhalaji sir\કમ્પ્યુટર શિક્ષકની લાયકાત અને રેશીયો નક્કી કરવા બાબત..docx

રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષકની લાયકાત અને રેશીયો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :ઉમશ-૧૧૧૯-૧૨૩૭-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૯-૧૦-૨૦૧૯

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૦૬-૧૦-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: મશબ-૧૧૧૬-૧૨-છ.

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૦૬-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: મશબ-૧૧૧૬-૧૨-છ.

(૩) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરનો તારીખ ૦૩-૦૭-૨૦૧૯ નો પત્ર ક્રમાંક: ૪૯/મકવ/૪૭૧૬/મ.શિ./૨૦૧૯/૩૭૧૧.

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૦૬-૧૦-૨૦૧૭ ના ઠરાવથી રાજ્યની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે કમ્પ્યુટર શિક્ષકો માટેની લાયકાત અને રેશીયો બાબતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક ૨૦ (૩) માં સુધારો કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૦૮-૦૬-૨૦૧૮ ના ઠરાવથી બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લાયકાત અને વિષયો તથા માધ્યમ નક્કી કરવા બાબતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક ૨૦ (૩) થી (૮) માં સુધારો કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના કમિશનરશ્રી, શાળાઓની કચેરીના તારીખ ૦૩-૦૭-૨૦૧૯ ના પત્રથી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર વિષયના શિક્ષકો માટે જે રેશીયો અને લાયકાત નક્કી કરવામાં આવેલ છે તે મુજબ રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષકોને આ રેશીયો અને લાયકાત લાગુ પાડવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષકો માટે નીચે દર્શાવ્યા મુજબનો રેશીયો અને લાયકાત નક્કી કરવાનું ઠરાવવામાં આવે છે.

સંશોધન

2683

(૧) માધ્યમિક વિભાગ માટે:

| સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | વ્યવસાયિક લાયકાત (બી.એડ/શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) /ડી.બી.એડ/G.B.T.C. | | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|
| | પધ્ધતિ-૧ | પધ્ધતિ-૨ | |
| B.C.A. | કોઇપણ વિષય | પધ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | કમ્પ્યુટર |
| B.Sc. (IT) | | | |
| B.E./B.Tech (Computer/Computer Science) | | | |
| B.E. /B.Tech.(IT) | | | |
| B.Sc (Computer/Computer Science) | | | |
| M.Sc. (IT) (Integrated Course) | | | |

(a) આવા કમ્પ્યુટર શિક્ષકોએ કમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો ભણાવવા પડશે.

(b) માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.

(c) માધ્યમિક વિભાગના છ કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવાપાત્ર રેશીયામાં આ નિમણૂંક કરી શકાશે.

(૨) ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે:

| સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | વ્યવસાયિક લાયકાત (બી.એડ/શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) /ડી.બી.એડ/G.B.T.C. | | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|
| | | પધ્ધતિ-૧ | પધ્ધતિ-૨ | |
| B.C.A. | M.C.A. | કોઇપણ વિષય | પધ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | કમ્પ્યુટર |
| B.Sc. (IT) | M.Sc. (IT) | | | |
| B.E./B.Tech (Computer/Computer Science) - | M.E./M.Tech (Computer/Computer Science) | | | |
| B.E. /B.Tech.(IT) | M.E. /M.Tech.(IT) | | | |
| B.Sc (Computer/Computer Science) | M.Sc (Computer/Computer Science) | | | |
| M.Sc. (IT) (Integrated Course) | | | | |

(a) આવા કમ્પ્યુટર શિક્ષકોએ કમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો ભણાવવા પડશે.

(b) ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.

(c) ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના છ કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવાપાત્ર રેશીયામાં આ નિમણૂંક કરી શકાશે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૧૪-૧૦-૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી ના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ.) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.અને મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્સણ બોર્ડ, ગાંધીનગર.
- વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડા/બોર્ડ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ. / સિલેક્ટ ફાઈલ.